# વિજ્ઞાનના અપ્રચલિત નિયમો ચમત્કારમાં ગણાતા હોય છે

પરા, પશ્યંતિ, મધ્યમા અને વૈખરી - વાણીના આ ચાર પ્રકારો છે. પરા અને પશ્યંતિ વાણીની અનુભૂતિ સામાન્ય જનોને નથી થઈ શકતી. પરંતુ મધ્યમા અને વૈખરી વાણીને સૌ કોઈ જાણી-સમજી શકે છે. સંકલ્પો-વિકલ્પો અને વિચારો, તે છે મધ્યમા વાણી. અંતરમાં ચાલતા વિચારો જ્યારે શબ્દોનું રૂપ લઈ વાગેન્દ્રિયની મદદથી મુખ દ્વારા બહાર વિખરાઈ જાય ત્યારે તે વૈખરી વાણી કહેવાય છે. પરા, પશ્યંતિ એટલી સૂક્ષ્મ અને અસ્પષ્ટ છે કે તેનો અનુભવ આપણને પોતાને પણ નથી થતો. મધ્યમાનો અનુભવ આપણને થાય છે. અને વૈખરીનો અનુભવ આપણને અને સાંભળનાર બધાને થાય છે.

વ્યષ્ટિપ્રાણ થોડું સ્થૂળ સ્વરૂપ ગ્રહણ કરીને પરાવાણીનું રૂપ ધારણ કરે છે, પરા થોડી વધુ સ્થૂળ થાય છે ત્યારે તે પશ્યંતિ કહેવાય છે, પશ્યંતિ થોડી વધુ સ્થૂળતા ધારણ કરે છે ત્યારે તે મધ્યમા કહેવાય છે અને મધ્યમા વધુ સ્થૂળતા ધારણ કરે છે ત્યારે તે જ વૈખરી કહેવાય છે. અતિ સૂક્ષ્મ પ્રાણનું સ્થૂળતાના ક્રમે થતું ચોથું સ્વરૂપ તે વૈખરી વાણી કહેવાય છે.

વ્યષ્ટિનો પરામાં સ્થૂળતાનાં ક્રમે પલટાતો પ્રાણ, સમષ્ટિમાં અતિ સૂક્ષ્મપણે રહેલો હોય છે. જેમ વ્યષ્ટિવાણીના ચાર પ્રકારો છે તેમ સમષ્ટિવાણીના પણ ચાર પ્રકારો છે. સમષ્ટિની જે વૈખરી તે જ વ્યષ્ટિની પરા છે. વ્યષ્ટિની પરા-પશ્યંતિને જાણી લેવી તે દીર્ઘકાળની સાધનાનો વિષય છે અને સમષ્ટિની ચારે વાણીને તેની સૂક્ષ્માતિસૂક્ષ્મ અવસ્થામાંથી જ જાણી લેવી તે સિદ્ધોનો વિષય છે. સૂક્ષ્મ-વાણી-વિશેષજ્ઞો જો ધારે તો એ કહી શકે કે સમષ્ટિની પરા, વ્યષ્ટિની વૈખરી કેટલા સમય પછી થશે. દરેકે દરેકની વૈખરી વાણીનું મૂળ બીજ સમષ્ટિની પરામાં પડેલું જ હોય છે.

સમષ્ટિવાણીવિશેષજ્ઞ કોઈને કહે કે તને અમુક સમય પછી જેલ થશે, કે કોઈને કહે કે તું અમુક સમય પછી મોટો પ્રધાન થઈશ ; અને એ બધું સાચું પડે ત્યારે સામાન્ય જનોને તે ચમત્કાર લાગે છે. પરંતુ વાણીવિશેષજ્ઞ-આગાહીકારો માટે આમાં ચમત્કાર જેવું કાંઈ હોતું નથી. તેને તો પોતાના ગણિત મુજબ ગણતાં આ બધું એક ને એક બે જેવું લાગે છે.

કોઈ સમષ્ટિવાણીવિશારદ કોઈ માટે એવી આગાહી કરે કે તને અમુક સમય પછી જેલ થશે તો તે કઈ રીતે આવી આગાહી કરી શકે ? તે આ રીતે આગાહી કરી શકે :

વિશેષજ્ઞો, વ્યક્તિની તે વૈખરીને બરાબર જાણી-જોઈ શકતા હોય છે કે જે હાલમાં સમષ્ટિની પરા વાણીના રૂપમાં પડેલી છે. સમષ્ટિની પરા વાણીના રૂપે પડેલી વાણી ક્રમપૂર્વક પલટાતી પલટાતી કેટલા સમય પછી વ્યક્તિની વૈખરીના રૂપે વ્યક્ત થશે તે હકીકત વિશેષજ્ઞ પોતાના વિશિષ્ટ ગણિત દ્વારા કહી શકે છે. એક વ્યક્તિ, બીજી કોઈ વ્યક્તિને વૈખરી દ્વારા ગંદી ગાળો દેવાનો હોય તે વૈખરી, બીજરૂપે સમષ્ટિની પરામાં પડેલી હોય. વિશેષજ્ઞ બીજરૂપે પરામાં રહેલી તે વૈખરીને જાણીને કહી શકે કે અમુક વ્યક્તિ અમુક વર્ષ પછી અમુક વ્યક્તિને ગંદી ગાળો દેશે અને તે કારણે ઝઘડો થશે અને પછી તેને જેલમાં જવું પડશે. સમષ્ટિપરાવિશેષજ્ઞો માટે તો આવી આગાહી કરવી તે એક સામાન્ય બાબત છે. પણ સામાન્ય મનુષ્યને તે ચમત્કાર લાગે છે.

જગતમાં જે કાંઈ છે તેનો કદી સર્વાંશે નાશ નથી થતો. જેને આપણે નાશ થઈ ગયેલું માનીએ છીએ તે પણ પરિવર્તિત પામીને વિધવિધ સ્વરૂપે અસ્તિત્વમાં જ હોય છે. જુદાં જુદાં દેશકાળ અને પરિસ્થિતિમાં રહેલાં આવાં અતિ સૂક્ષ્મ પરિવર્તિત અસ્તિત્વોને જાણવા-સમજવા માટે વિશિષ્ટ પ્રકારની સાધના અને સાધનોની જરૂરત હોય છે. આવી સૈદ્ધાંતિક અમુક બાબતોને પ્રયોગાત્મકરૂપે જાણવામાં વર્તમાનકાળમાં આધુનિક વિજ્ઞાન પણ ઠીકઠીક સહાયક થઈ રહ્યું છે.

એક સમયે એક નાના ગામડામાં અમારો સત્સંગ ચાલતો હતો. પ્રારંભમાં ટેપરેકોર્ડર ઉપર ભજનો વગાડવાં શરૂ કર્યાં. થોડી વારમાં જ ટેપરેકોર્ડરમાં કંઈક ગોટાળો થવાથી તે બંધ થઈ ગયું. અમે કેસેટઘરનું ઢાંકણું ખોલીને કેસેટ કાઢવાનો પ્રયત્ન કર્યો તો જણાયું કે કેસેટની ઘણી બધી ટેપ અંદરની ધરી ઉપર વીંટળાઈ ગઈ હતી. ઘણી કાળજીપૂર્વક એ બધી ટેપને ખોલી. પંદર વીસ ફૂટ ટેપ ખરાબ થઈ ગઈ હતી તેને કાપીને ફેંકી દીધી અને પછી કેસેટની ટેપને સાંધો કરીને ભજનો શરૂ કર્યાં. આઠેક દિવસ પછી ફરીને એ જ જગ્યાએ સત્સંગ માટે બેઠા ત્યારે અમારી નજર બાજુના તુલસીક્યારા ઉપર પડી. તુલસી ઉપર પેલો કાપીને ફેંકી દીધેલો ટેપનો ટુકડો ચોંટીને ઊડતો હતો. ત્યાંથી એ ટુકડાને લઈને અમે શ્રોતાઓને પૂછ્યું કે આ ટુકડામાં શું છે તમને ખબર છે ? આમાં તો ભજનની ચાર-પાંચ લીટીઓ છે. આમાંની લીટીઓને ભલે આપણે વાંચી કે સાંભળી શકતા નથી પણ આમાં તે છે જરૂર. આ જ ટુકડાને કેસેટમાં સાંધીને ટેપરેકોર્ડરમાં મૂકીએ તો જરૂર સાંભળી શકીએ. આ કચકડાની પટ્ટીમાં ભજન ઉતારીએ કે ભજન ભૂંસી નાખીએ તેની ખબર આંખ કે કાન દ્વારા પડે નહીં. તેમાં કાંઈ ઉતારવા, કે ભૂંસી નાખવા, કે તેમાંનું સાંભળવા માટે વિશિષ્ટ યંત્ર (ટેપરેકોર્ડર)ની જરૂરત પડે તેમ :

સમષ્ટિ-અવકાશમાં પણ અનંત સૂક્ષ્માતિસૂક્ષ્મ જે અસ્તિત્વો છે તેની જાણકારી સામાન્ય માણસને પડે નહીં, પણ જેણે પોતાની વિશિષ્ટ સાધના દ્વારા પોતાની કાયામાં જ વિશિષ્ટ કેન્દ્રો (ટેપરેકોર્ડર) જાગૃત કરી દીધાં છે, ઉત્પન્ન કરી દીધાં છે તેઓ તે બધાં અદૃશ્ય અસ્તિત્વોની જાણકારી વિગતે પ્રાપ્ત કરી શકે. આવી બધી બાબતો આપણને ચમત્કાર લાગે પણ સમષ્ટિવાણીવિશારદોને માટે તો આ કાંઈ ચમત્કાર નથી પરંતુ સૂક્ષ્મ વિજ્ઞાન(પ્રચારમાં નહીં આવેલા વિજ્ઞાન)નો એક અટલ નિયમ જ છે. આવા નિયમોને સાચી રીતે હસ્તગત કરનાર વ્યક્તિઓ વિરલ જ હોય છે. બાકી તો સિદ્ધોનો સ્વાંગ સજીને ભોળા લોકોને ધૂતનારાઓ જ વધુ હોય છે. અને એ ધુતારાઓનો વધુ દોષ પણ કેમ કાઢી શકાય ? કહ્યું છે ને કે લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે ! સૂક્ષ્મ જગતમાં હસ્તક્ષેપ કરી શકવાની ક્ષમતાવાળાઓ, એટલા ઉદાત્ત, ઉદાર અને સધ્ધર હોય છે કે તેમને પાખંડ આચરીને કોઈને ધૂતવાની જરૂરત જ નથી પડતી.

આપણાં ભૂત-ભવિષ્યની વાતો પણ આપણને એક મોટો ચમત્કાર લાગે છે. પરંતુ જાણકારો માટે એ પણ કોઈ ચમત્કાર નથી. કારણકે ભૂત અને ભવિષ્ય પણ

બીજરૂપે વર્તમાનમાં પડેલા જ હોય છે. જો કે આધ્યાત્મિક-તાત્ત્વિક દષ્ટિએ જોતાં ભૂત-ભવિષ્ય જેવું કાંઈ છે જ નહીં, કાળ ક્યાંય આવતોય નથી કે ક્યાંય જતોય નથી. આ તો બધી સામાન્ય જનોની સગવડતા માટેની સંજ્ઞાઓ માત્ર છે. તેથી આપણે પણ અત્યારે ચાલુ ભાષામાં જ વાત કરી રહ્યા છીએ.

ભવિષ્યકાળનો આખો વડ બીજરૂપે વર્તમાનકાળમાં રહેલો છે. વર્તમાનકાળમાં રહેલું વડનું બીજ ભવિષ્યકાળમાં ઊગનારા આખા વડના ઝાડને પોતાનામાં ગોપિત કરીને રહેલું છે. વર્તમાનમાં રહેલા બીજને જોઈને આપણને ખબર પડી જાય છે કે આ બીજમાં ભવિષ્યકાળમાં થનારો આખો વડ છુપાયેલો છે. આ રીતે વર્તમાનના બીજ ઉપરથી આપણે ભવિષ્યનું કથન કરી શકીએ છીએ છતાંય તેને આપણે ચમત્કાર નથી કહેતા. કારણ કે આ બાબત આપણા માટે રોજના અનુભવની છે માટે સામાન્ય છે. આ જ પ્રમાણે જાણકારો, મનુષ્યનો ભવિષ્યકાળ, તેના ભવિષ્યકાળનાં વર્તમાનકાળમાં પડેલાં બીજને જોઈને કહી શકે છે ત્યારે તે આપણને ચમત્કાર લાગે છે પરંતુ તેમના માટે તે સામાન્ય બાબત છે.

બીજમાં જેમ ભવિષ્યકાળ વૃક્ષરૂપે સમાયેલો છે તેમ વૃક્ષના બીજરૂપે તેનો ભૂતકાળ પણ સમાયેલો છે. આમ વ્યક્તિના ભૂતકાળ અને ભવિષ્યકાળ, વર્તમાનકાળમાં પડેલા જ છે, સમાયેલા જ છે. આ રીતે જોતાં વિશ્વમાં ચમત્કાર જેવું કાંઈ છે જ નહીં અને જો ચમત્કારને માન્ય રાખીએ તો શ્વાસોચ્છ્વાસ પણ એક મહામોટો ચમત્કાર છે. પણ એ આપણા રોજના અનુભવની વાત છે તેથી ચમત્કાર નથી લાગતો.

મનુષ્ય ચમત્કારને પ્રેમ એટલા માટે કરે છે કે ચમત્કારથી સુખ પ્રાપ્ત થશે એમ તે સમજે છે. અખંડ સુખ-શાંતિની પ્રાપ્તિથી મોટો એકેય ચમત્કાર નથી. અનુભવીઓ એ નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે મોક્ષમાં અખંડ સુખશાંતિની પ્રાપ્તિ થાય છે. માટે મનુષ્યે મોક્ષપ્રાપ્તિ માટે મન મૂકીને પ્રયત્ન કરવો જોઈએ. એ સિવાયની બધી જ પ્રાપ્તિઓ કંચનને બદલે કાચ લીધા બરાબર છે.

ચ-મત-કર ; આ રીતે ચમત્કાર શબ્દને છૂટો કરવાથી તેનો જે અર્થ નીકળે છે તે ખૂબ કલ્યાણકારી છે. ચ-મત-કર અર્થાત્ ચમત્કાર મત કર અર્થાત્ ચમત્કાર કર નહીં અને જે કરવાની ના હોય તે ઇચ્છવા યોગ્ય પણ ના હોય. માટે ચમત્કાર મત કર, ચમત્કાર મત ઇચ્છ.